# વેચાણની શરતો

## (વેચાણ નોટીસ ગુજરાત ગાર્ડિયન તા.૨૮/૧૧/૨૦૨૫)

(૧) જંગમ/ સ્થાવર મિલ્કત "જયાં છે, જેમ છે અને જે છે તે સ્થિતિમાં" ના ધોરણે વેચાણ કરવામાં આવશે.

(૨) સદરહુ મિલ્કત સંબંધમાં કોઈ કોર્ટ કેસ ચાલતા હોય તો તે કોર્ટ કેસોમાં કોર્ટ જે હુકમ કરે તે મિલ્કત ખરીદનારને બંધનકર્તા રહેશે.

(૩) માંગણીદાર/ટેન્ડરર રિઝર્વ કિંમતના ૧૦ નો બેંકર ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ સબમિટ કરવાનો રહેશે જે **"ધી વરાછા કો-ઓપ.બેંક લિ.,"**નો સુરત ચૂકવવાપાત્ર રહેશે, જે ટેન્ડર ફોર્મ સાથે ડિપોઝિટ તરીકે ચૂકવવાપાત્ર રહેશે.

(૪) ટેન્ડરના ફોર્મ અધિકૃત અધિકારીશ્રી, ત્રીજો માળ, રિકવરી વિભાગ "સહકાર ભવન" રૂષિકેશ ટાઉનશીપની સામે, વ્રજ ચોકની પાસે, સરથાણા જકાતનાકા, સુરત માંથી મળી શકશે.

(૫) કોઈપણ ટેન્ડર સ્વીકારવા અગર ન સ્વીકારવાનો બેંકનો અધિકાર અબાધિત રહેશે. માંગણીદાર/ટેન્ડરર કોઈપણ રકમ માટે બોલી લગાવી શકે છે પરંતુ મિલ્કત રીઝર્વ કિંમતથી નીચેની કિમતે વેચવામાં આવશે નહિ.

(૬) જેનું ટેન્ડર સ્વીકારાશે તેણે ટેન્ડરની રકમના ૨૫% તુરત જ આપવાના રહેશે. ટેન્ડર સાથે રજુ કરેલ રીઝર્વ કિંમતના ૧૦%ને તેમાં ગણતરીમાં લેવામાં આવશે.

(૭) જેનું ટેન્ડર સ્વીકારાશે તેણે ટેન્ડરની રકમ બેંક દ્વારા નિશ્ચિત મુદતમાં પૂરેપૂરી ભરપાઈ કરવાની રહેશે, આમ કરવામાં તે નિષ્ફળ જશે તો તેણે ભરેલી ડિપોઝીટની રકમ બેંક દ્વારા જપ્ત કરવામાં આવશે.

(૮) જેનું ટેન્ડર અસ્વીકાર્ય થશે તેને તેણે રજુ કરેલી ડિપોઝીટની રકમ કોઈપણ જાતના વ્યાજ વગર પરત કરવામાં આવશે.

(૯) સદરહુ મિલ્કત ઉપરના સમગ્ર બાકી વેરા, સરકારી તથા અર્ધસરકારી લેણાં, વિજનીગમ તેમજ ગેસ કંપનીની બાકી રકમ ભરપાઈ કરવાની જવાબદારી તથા કોઈ કાગળો ખુટતા હોય તો તે મેળવવાની સમગ્ર જવાબદારી ખરીદનારના શીરે રહેશે.

(૧૦) સરકારીશ્રીના નિયામો મુજબ GST/TDS ખરીદનારે ચૂકવવાનો રહેશે.

(૧૧) ખરીદનારે પોતાના ખર્ચે વાહન ટ્રાન્સફર કરવાનું રહેશે.